## ડો.સૈયદના સાહેબના દીદાર માટે રેલવે સ્ટેશને ભીડ ઉમટી





■ દાઉદી વ્હોરા સમાજના સર્વોચ્ચ ધર્મગુરુ ડો.સૈયદના મુફદદલ સૈફુદ્દીન સાહેબ મુંબઈથી ટ્રેનમાં મધ્યપ્રદેશ જઈ રહ્યા હતાં ત્યારે સુરત રેલવે સ્ટેશને સૈયદના સાહેબના દીદાર કરવા મોટી સંખ્યામાં દાઉદી વ્હોરા સમાજના અનુયાયીઓ સ્ટેશને ઉમટી પડ્યા હતા. સૈયદના સાહેબે ઉપસ્થિત લોકોને આશીર્વાદ આપી તેઓનું અભિવાદન કર્યું હતું. સુરતથી આગળ દાહોદ રેલવે સ્ટેશને પણ અનુયાયીઓ સૈયદના સાહેબની એક ઝલક મેળવવા દીદાર કરવા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

- તસવીર : સતીષ જાદવ

# ખાડીપૂર રોકવા ચોમાસા પૂર્વે સફાઈ, વાઈડનિંગની તૈયારી

**દરેક** ઝોનમાં ફ્લોટિંગ પોકલેન મશીન ઉતારી ખાડીઓમાં ડ્રેજિંગ કરવા અને બમરોલી પાસે ખાડી પહોળી કરવા આયોજન

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી વારંવાર સર્જાતી ખાડીપૂરની સમસ્યાને કાયમી રીતે નિયંત્રિત કરવા માટે તંત્ર સક્રિય બન્યું છે. હવે ચોમાસા પૂર્વે ટૂંકાગાળાના અસરકારક પગલાં લેવા માટે મનપા દ્વારા સંકલિત આયોજન હાથ ધરાયું છે. જે તે સમયે આ કમિટીના અધ્યક્ષપદે હોદાની રૂએ તત્કાલીન કમિશનર શાલીની અગ્રવાલને જવાબદારી સોંપાઇ હતી. જો કે હવે મનપા કમિશનર બદલાયા બાદ નવો ઓર્ડર આવ્યો નથી પરંતુ મનપાના તંત્ર દ્વારા આ તૈયારીઓમાં બ્રેકના લાગે તેવું આયોજન કરાયું છે.

મનપાના ડેપ્યુટી કમિશનર દિનેશ ગુરવની અધ્યક્ષતામાં વરાછા, ઉધના, લિંબાયત અને અઠવા ઝોન સહિત સિંચાઈ-ડ્રેનેજ વિભાગ, ટાઉન પ્લાનર અને ટીપી વિભાગની સંયુક્ત બેઠક મળી હતી. ખાડીપૂરની સમસ્યાને રોકવા માટે તાત્કાલિક કામગીરી પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાડીઓમાં ગાદ અને કચરો દૂર કરવા માટે દરેક ઝોનમાં પોકલેન મશીન દ્વારા સફાઈ અને ડ્રેજિંગ કરવામાં આવશે. ખાસ કરીને પ્રથમ વખત ખાડીના પાણીમાં ઉતરીને સફાઈ કરી શકાય તે માટે ફ્લોટિંગ પોકલેન મશીન ભાડે લેવા નિર્ણય લેવાયો છે. વરાછા, ઉધના, લિંબાયત અને અઠવા ઝોનને એક-એક ફ્લોટિંગ મશીન ફાળવાશે. આ ઉપરાંત, ઉધના અને અઠવા ઝોન વચ્ચે આવેલા બમરોલી બ્રિજ નજીક ખાડી સાંકડી હોવાથી પાણીના વહન પર અસર પડે છે. તેથી બ્લોક નં.70ની સરકારી જમીનમાં ખોદકામ કરીને ખાડીનું વાઈડનિંગ કરવામાં આવશે.

### સિટીલાઈટ લોકભારતી સ્કૂલમાં પ્રિન્સિપલ અને શિક્ષકની બર્બરતાનો આક્ષેપ

# આત્મહત્યાના વિચાર સુધી પહોંચી ગયો ધો.-7 નો વિદ્યાર્થી

**વિદ્યાર્થીએ** પ્રિન્સીપાલ અને SSTના ટીચર માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ કર્યા

**નવી સિવિલ** હોસ્પિટલમાં વિદ્યાર્થીના શરીરે ઇજાના અનેક નિશાન મળ્યા

સુરત : સુરતના સિટીલાઈટ ખાતે આવેલી લોકભારતી અંગ્રેજી માધ્યમ શાળામાં અભ્યાસ કરતા ધોરણ-7ના વિદ્યાર્થી પર શાળાના પ્રિન્સિપાલ અને એક શિક્ષિકા દ્વારા માનસિક તેમજ શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. વિદ્યાર્થીના જણાવ્યા અનુસાર, છેલ્લા લગભગ એક વર્ષથી તેને વારંવાર માર મારવામાં આવતો હતો અને કેટલાક પ્રસંગોમાં ગળું દબાવવાનો પણ પ્રયાસ થયો હતો. કંટાળી વિદ્યાર્થી આત્મહત્યાના વિચાર સુધી પહોંચી ગયો હતો.

શનિવારે વિદ્યાર્થીને તેના પિતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. ત્યાં ફરજ પર રહેલા ડોક્ટરે તેની પ્રાથમિક સારવાર કરી હતી. તપાસ દરમિયાન વિદ્યાર્થીના જમણા હાથની કલાઈ પર ઇજાના અનેક નિશાન અને ગળાના ભાગે ઘા જોવા મળ્યા હતા. ત્યારબાદ તેને વધુ તપાસ માટે સર્જન, ENT અને માનસિક આરોગ્ય વિભાગમાં રિફર કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીએ ખુલાસો કર્યો કે જ્યારે તેણે આ બાબત પોતાના માતા-પિતાને જણાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેને વધુ માર મારવાની ધમકી આપવામાં આવતી હતી. આ કારણે તે લાંબા સમય સુધી મૌન રહ્યો અને હેરાનગતિ સહન કરતો રહ્યો. સતત દબાણ અને હેરાનગતિના કારણે વિદ્યાર્થી માનસિક રીતે તૂટી ગયો હતો. શુક્રવારે સવારે ફરીથી થયેલા મારઝૂડ બાદ તે અત્યંત નિરાશ થઈ ગયો અને આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. તેણે એક સ્યુસાઈડ નોટ પણ લખી હતી, જેમાં પોતાના દુઃખની વ્યથા વ્યક્ત કરી હતી.

### ડીઈઓ દ્વારા તાત્કાલિક કમિટી બનાવી તપાસ સોંપાઈ

જિલ્લા શિક્ષણ અધિકારી ડો.ભગીરથસિંહ પરમારે આ મામલે 3 સભ્યોની કમિટી રચી છે. કમિટીમાં ત્રણેય સભ્યો શાળાના તમામ સીસીટીવી ચકાસશે. વર્ગખંડના વિદ્યાર્થીઓના નિવેદન લેશે. અને શાળાના અન્ય શિક્ષકોના પણ નિવેદન લેવાશે. જો પ્રિન્સિપલ અને શિક્ષક જવાબદાર નીકળશે તો તેમની સામે કડક દાખલારૂપ કાર્યવાહી કરાશે.

### બહેનની સતર્કતાથી ટળી મોટી દુર્ઘટના

સાંજે જ્યારે વિદ્યાર્થી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરવા જઈ રહ્યો હતો, ત્યારે તેની બહેને સમયસર તેને રોક્યો. તપાસ દરમિયાન તેની પાસે લખેલી સ્યુસાઈડ નોટ મળી આવતાં સમગ્ર મામલો સામે આવ્યો અને પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા.

### માર્ગ અકસ્માત મૃત્યુમાં વારસદારને ૫૧ લાખ મળ્યાં

સુરતઃ શહેરના વરીયાવ વિસ્તારમાં રહેતા કૌશીકકુમાર ભગવતીભાઇ પટેલનું પુણા પોલીસ સ્ટેશનની હદમાં તા. ૦૬/૦૪/૨૦૧૯ ના રોજ ટ્રકની અડફેટે મુત્યુ થયું હતું. મૃતકની પત્ની સહિતના પરિવારે વકીલ કે.પી.અસારાવાલા મારફતે સુરત ટ્રીબ્યુનલ કોર્ટ સમક્ષ અકસ્માત વળતરનો ક્લેઈમ દાખલ કર્યો હતો. આ ક્લેઈમ કેસ સુરતના પ્રિન્સિપાલ જજ આર.એ. ત્રિવેદીની કોર્ટમાં ચાલતા આજરોજ વીમા કંપનીના વકીલ દર્શન શાહના પ્રયત્નોથી અજરદારો અને વીમા કંપની વચ્ચે સમાધાન થયું હતું અને અરજદારોને રૂ.૫૧,૦૦,૦૦૦ ચૂકવવા માટે હુકમ થયો હતો.

### બોમ્બે માર્કેટ પાસે બે મિત્રોની બાઇક સ્લીપ, એકનું મોત

સુરતઃ બોમ્બે માર્કેટ પાસે બે મિત્રોની બાઇક સ્લીપ થઈ જતા એકનું મોત નીપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ વરાછા જૂની બોમ્બે માર્કેટ ગણેશનગર પાસે ફૂટપાથ પર રહેતો 34 વર્ષીય મયુર બાલુભાઈ સોનવણે અને તેનો મિત્ર વિજય કિશન ધાવરે (ઉં.વ.48, રહે., ગણેશ નગર વરાછા) બાઈક પર સરદાર માર્કેટ પાસે નાસ્તો કરવા જઈ રહ્યા હતા. ત્યારે વરાછા કુબેરજી માર્કેટ નજીક તેઓની બાઈક સ્લીપ થઈ જતાં ચાલક મયુરનું ગંભીર ઈજાને પગલે મોત નીપજ્યું હતું.

### દારૂ માટે રૂપિયા નહીં આપતા યુવકે બહેનના ઘરે જઈને ફાંસો ખાધો

સુરતઃ ઉત્રાણ ગુજરાતી સ્કૂલ પાસે આવેલા હળપતિવાસમાં રહેતા 34 વર્ષીય સુરેશભાઈ ડાયાભાઈ રાઠોડ સંચા ખાતામાં કામ કરી પરિવારનું ભરણપોષણ કરતા હતા. તેમની પત્ની અન્ય ઘરોમાં જઈ ઘરકામ કરે છે. રવિવારે સવારે સુરેશ કામ પર જવાનું ઘરેથી નીકળ્યો હતો અને ત્યારબાદ કાપોદ્રા ભરવાડ ફળિયામાં આવેલી રામકૃષ્ણ કોલોનીમાં રહેતી બહેનના ઘરે ગયા હતા. જ્યાં બહેન પાસે દારૂ પીવાના રૂપિયા માંગ્યા હતા. પરિવારે રૂપિયા આપવા માટે ના પાડી દેતા સુરેશભાઈએ રૂમમાં લાકડાની થાંભલી સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

### ડિંડોલીમાં બાઈક અકસ્માતમાં મનપાના પટાવાળાનું મોત

સુરતઃ ડિંડોલીમાં બાઈક ચાલકે અડફેટે લેતા મોપેડ ચાલક મનપાના પટાવાળાનું મોત નિપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની શુભમ અભિમન બિરહડે (32 વર્ષ) હાલ ડિંડોલી ખરવાસા રોડ પર આવેલી કૃષ્ણકુંજ સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો અને સુરત મહાનગર પાલિકાના સેન્ટ્રલ ઝોનમાં પટાવાળા તરીકે નોકરી કરતો હતો. શુભમ રવિવારે રાત્રે ભેસ્તાન ખાતે માસીના ઘરેથી પરત આવી રહ્યો હતો. ત્યારે ડિંડોલી માનસી રેસીડેન્સી પાસે પ્રમુખ પાર્ક બ્રિજ ઉતરતા બાઈક ચાલકે શુભમની મોપેડને અડફેટે લેતા ગંભીર ઈજાને પગલે મોત નિપજ્યું હતું.

# દાગીના જડતરના કારીગરે 31.45 લાખનું સોનું ગપચાવ્યું

**વેસુની** મહિલા વેપારીનું ૨૨૦ ગ્રામ સોનું અને હીરા પચાવી પાડનાર હરિપુરાના કારીગર સામે ગુનો દાખલ

સુરતઃ હરિપુરાના એક સોની કારીગરે દાગીના બનાવવાની આડમાં વેસુની મહિલા પાસેથી લીધેલું ૩૧.૪૫ લાખની કિંમતનું સોનું અને હીરા પરત ન આપી છેતરપિંડી આચરી છે.

વેસુમાં જોલી રેસિડેન્સી પાસે 'એસએનએસ સ્પ્લેન્ડીડ'માં રહેતા રોશનીબેન બિપીનકુમાર સાકરીયા (ઉં.વ.૪૪) છેલ્લા ૧૨ વર્ષથી 'આર.ડી. જ્વેલર્સ'ના નામે ઘરેથી સોના-હીરાના દાગીનાનો વેપાર કરે છે. તેમના પતિ બિપીનભાઈ ભેસ્તાન વિસ્તારમાં યાર્નની ફેક્ટરી ધરાવે છે. રોશનીબેનને આશરે ૧૦ વર્ષ પહેલાં માર્કેટના એક વેપારી મારફતે હરિપુરા, ભવાની મંદિર પાસે પંચોલી શેરીમાં રહેતા નયનશીલ ઉર્ફે બિંદુ સાથે ઓળખાણ થઈ હતી. નયનશીલ કાચા સોનાના દાગીનામાં જડતર કામ કરી આપવાનું કામ કરતો હતો. જોકે, છેલ્લા કેટલાક સમયથી નયનશીલ આપેલા સોનાના વજન કરતાં ઓછા વજનના દાગીના બનાવીને આપતો હતો. જે અંગે પૂછતા બાકી સોનું હું પછીના ઓર્ડરમાં એડજસ્ટ કરી આપીશ તેવું કહેતો હતો. આ રીતે તેને કટકે-કટકે આશરે ૨૨૦ ગ્રામ સોનું (જેની કિંમત આશરે રૂ.૩૦.૮૦ લાખ) અને ૧.૫૬ કેરેટના ડાયમંડ (કિંમત રૂ.૬૫ હજાર) પોતાની પાસે જ રાખી લીધા હતા. ઉઘરાણી કરવા છતાં પરત ન આપતા રોશનીબેને ગતરોજ વેસુ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે નયનશીલ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.






### LP સવાણી સ્કૂલના કર્મચારીનું બાઈક સ્લીપ થતાં મોત

સુરત : એલ.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલના કર્મચારીનું પાલ બાગબાન સર્કલ પાસે બાઈક સ્લીપ થતાં મોત થયું હતું.

મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની કિશોરભાઈ પુંજુભાઈ પવાર (ઉં.વ.50) હાલ પાલ ગૌરવપથ રોડ પર આવેલા સુમન મુદ્રા આવાસમાં પરિવાર સાથે રહેતા હતા. કિશોરભાઈ પાલનપુરમાં આવેલી એલ.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં પટાવાળા તરીકે નોકરી કરતો હતો. કાલે બપોરે સ્કૂલેથી તે બાઈક લઈને પરત ઘરે આવી રહ્યા હતા. દરમિયાન ગૌરવપથ રોડ મોનાર્ક ચાર રસ્તાથી બાગબાન સર્કલ તરફ આવતા ગેમઝોન ચાર રસ્તાની પાસે કિશોરભાઈની બાઈક સ્લીપ થઈ ગઇ હતી. ગંભીર ઈજાને પગલે સિવિલમાં સારાવરા દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

# ખરાબ હવામાનને કારણે ઈન્ડિગોની ફ્લાઈટ સુરત એરપોર્ટ ડાઈવર્ટ થઈ

**શિરડીમાં** ઓછી વિઝિબિલિટી અને ભારે પવનને કારણે લેન્ડિંગ અશક્ય બન્યું

સુરત : દિલ્હીથી શિરડી જતી ઈન્ડિગોની ફ્લાઈટને આજે અચાનક ખરાબ હવામાનના કારણે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડાઈવર્ટ કરવાની ફરજ પડી હતી. શિરડી એરપોર્ટ ખાતે ઓછી વિઝિબિલિટી અને ભારે પવનને કારણે વિમાનનું લેન્ડિંગ શક્ય ન બનતાં પાયલોટે સમયસર નિર્ણય લઈ સુરતના એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સાથે સંપર્ક સાધ્યો હતો. મળતી માહિતી મુજબ, ફ્લાઈટમાં અંદાજે 150થી વધુ મુસાફરો સવાર હતા. ડાઈવર્ઝન બાદ સુરત એરપોર્ટ પર વિમાનનું સલામત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. અચાનક થયેલા આ ફેરફારને કારણે મુસાફરોમાં થોડા સમય માટે ગૂંચવણ અને ચિંતા જોવા મળી હતી. એરપોર્ટ અધિકારીઓ દ્વારા પણ સહકાર આપવામાં આવ્યો હતો. હવામાનમાં સુધારો થતાં અથવા વૈકલ્પિક વ્યવસ્થા દ્વારા મુસાફરોને તેમના મૂળ ગંતવ્ય શિરડી સુધી પહોંચાડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. આ લખાય છે ત્યારે પણ વિમાન સુરત એરપોર્ટ એપ્રન પર રાખવામાં આવ્યું છે.

# ચેમ્બરની મેનેજિંગ કમિટીની ચૂંટણી, 164માંથી 10 ફોર્મ રદ


**72** બેઠક માટે ઉમેદવારોનો રાફડો, લાઇફ મેમ્બરની 44 બેઠકો માટે 123 ઉમેદવાર મેદાનમાં

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)ની 2026/27 ની મેનેજિંગ કમિટીની ચૂંટણી માટે વિતેલા વર્ષની જેમ રાફડો ફાટ્યો છે.મેનેજિંગ કમિટીની 72 બેઠકો માટે 164 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં 10 ફોર્મ રદ થયા છે.

ઈલેક્શન કમિટીના ચેરમેન વિજય મેવાવાલા ના અધ્યક્ષ સાથે આજે ફોર્મ ચકાસણી કરવામાં આવી હતી. ઉમેદવારોની ખોટી સહી, અધૂરું ફોર્મ ,સહી કરવાનું ભૂલી જવા સહિતના કારણોસર લાઈફ મેમ્બર કેટેગરીમાં 8, ચીફ પેટ્રન અને ગોલ્ડ કેટેગરીમાં એક-એક ફોર્મ રદ થયાં છે. ફોર્મ ચકાસણી પછી પ્લેટિનમની એક બેઠક સામે 2, ગોલ્ડ કેટેગરીની 4 બેઠક સામે 5, પેટ્રનની 6 બેઠક સામે 11 અને લાઈફ મેમ્બર કેટેગરીમાં 44 બેઠકો સામે 123 ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. જ્યારે ચીફ પેટ્રનની 10 બેઠકો સામે 9 અને ઓરિજનલ બેઠકો માટે માત્ર 4 ઉમેદવારોએ જ ઉમેદવારી કરી હોવાથી આ બેઠકોની ચૂંટણી થશે નહીં. 11મી એપ્રિલે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ છે ત્યારે ચિત્ર સ્પષ્ટ થશે. ઉમેદવારી માટે કડક નિયમો જાહેર કરવામાં આવ્યા છે. ઉમેદવારી નોંધાવવા માટે સભ્યને ઓછામાં ઓછા બે વર્ષથી SGCCI સાથે જોડાયેલા હોવા જરૂરી છે. ફોર્મ ફી 500 અને ડિપોઝીટ ફી 10,000 નક્કી કરવામાં આવી છે .26 માર્ચ 2024 પહેલાં નોંધાયેલા સભ્ય મતદાન કરી શકશે.

# યુદ્ધ વચ્ચે હવાઈ સેવા અટવાતા 16 દિવસ મૃતદેહ સચવાયો

**કેન્યાના** નાગરિકનો મૃતદેહ પિક્સી ટીમે 16 દિવસ સુધી સડ્યા વગર સાચવી પરિવારને અંતિમ દર્શન માટે મોકલ્યો



સુરતઃ કેન્યાના 67 વર્ષીય નાગરિક ગન્તારા ફ્લોરેન્સ સારવાર માટે અમદાવાદ આવ્યા હતા, જ્યાં 14 માર્ચે સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. હાલના વૈશ્વિક પરિસ્થિતિ અને એર કનેક્ટિવિટી ન મળવાને કારણે મૃતદેહને પિક્સી સંસ્થાની ટીમે 16 દિવસ આધુનિક એમ્બાલ્મિંગ પ્રક્રિયા કરી સાચવી રાખી હતી.

અમદાવાદ ખાતે સારવાર દરમિયાન અવસાન પામેલા કેન્યાના 67 વર્ષીય ગન્તારા ફ્લોરેન્સનો મૃતદેહ એર કનેક્ટિવિટી ન મળતા 16 દિવસ સુધી ભારત ખાતે જ અટવાઈ ગયો હતો. ફ્લાઈટ સુવિધાના અભાવે મૃતદેહને સમયસર વતન નૈરોબી મોકલવો શક્ય બન્યો નહોતો. આ સંજોગોમાં મૃતદેહને સડયા વગર જાળવી રાખવો એક મોટો પડકાર હતો. મૃતદેહ ટ્રાન્સપોર્ટ સેવા આપતી પિક્સી સંસ્થાએ પોલીસ અને એમ્બેસી પ્રક્રિયા પૂર્ણ કરી હતી. પિક્સી સંસ્થાના એમ્બાલ્મિંગ એક્સપર્ટ ડૉ. વિનેશ શાહ અને ડૉ. મેઘા ગૌરાંગ પટેલ સહિતની ટીમે આધુનિક એમ્બાલ્મિંગ પ્રોસિજરનો ઉપયોગ કરીને મૃતદેહને વૈજ્ઞાનિક રીતે પ્રિઝર્વ કર્યો. આ ટેકનિકના કારણે 16 દિવસ સુધી મૃતદેહમાં કોઈ સડો કે દૂષણ થયો નહોતો. અંતે જરૂરી એર કનેક્ટિવિટી મળતા મૃતદેહને ફ્લાઈટ મારફતે નૈરોબી, કેન્યા મોકલવામાં આવ્યો. જ્યારે પરિવારજનોએ મૃતદેહને મૂળ સ્વરૂપમાં જોયો ત્યારે તેઓ ભાવુક બની ગયા હતા અને પિક્સી ટીમ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

# નવી સિવિલ હોસ્પિ.ને ગુજરાત હેલ્થકેર એક્સલન્સ એવોર્ડ



**આધુનિક** સુવિધાઓ અને વિશાળ દર્દી સેવા આધારે રાજ્યની બેસ્ટ સરકારી હોસ્પિટલ તરીકે પસંદગી

સુરતઃ અમદાવાદ સ્થિત અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજ્યની શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ આપતી સંસ્થાઓને આપવામાં આવતા પ્રતિષ્ઠિત "ગુજરાત હેલ્થકેર એક્સલન્સ એવોર્ડ-2026" માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલની પસંદગી કરવામાં આવી છે. આ એવોર્ડ ગાંધીનગર ખાતે આવેલી ધ લીલા ગાંધીનગરમાં યોજાયેલા ભવ્ય સમારંભમાં આપવામાં આવ્યો હતો. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના હસ્તે નવી સિવિલ હોસ્પિટલને આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય ક્ષેત્રના અગ્રણીઓ, તબીબો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. 2026 માટે હોસ્પિટલોની પસંદગી દરમિયાન વર્કલોડ, દર્દી સેવા, આધુનિક સુવિધાઓ, સારવારની ગુણવત્તા અને સતત વૃદ્ધિ જેવા માપદંડોને મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

# અડાજણમાં નરાધમ લારીવાળાએ કિશોરીને માતા બનાવી દીધી

**કેફી** પીણું પીવડાવી બળાત્કાર ગુજારનાર ફરાર અર્પિત ગુપ્તાને પોલીસે દબોચ્યો



સુરત : સંસ્કાર નગરી સુરતના પોશ ગણાતા અડાજણ વિસ્તારમાં માનવતા શર્મસાર થાય તેવી ઘટના પ્રકાશમાં આવી છે. અડાજણ વિસ્તારમાં કટલેરીની દુકાનમાં મજૂરી કરતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી, શારીરિક શોષણ કરી તેને બાળકની માતા બનાવી દેનાર નરાધમ આખરે પોલીસના સકંજામાં આવી ગયો છે. પાલનપુર જકાતનાકા પાસે ફ્રૂટની લારી ચલાવતા અર્પિત ગુપ્તા નામના શખ્સે જે રીતે ૧૫ વર્ષની નિર્દોષ કિશોરીનું જીવન બરબાદ કર્યું હતું, તેનાથી સમગ્ર પંથકમાં રોષ ફાટી નીકળ્યો હતો. જોકે, અડાજણ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ફરાર આરોપીને દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું છે.

અડાજણ વિસ્તારમાં રહેતી કિશોરી પરિવારને આર્થિક મદદ કરવા એક કટલેરીની દુકાનમાં કામ કરતી હતી. આ દરમિયાન સૂર્યવંદન એપાર્ટમેન્ટમાં રહેતો અર્પિત આનંદ પ્રકાશ ગુપ્તા અવારનવાર ખરીદીના બહાને દુકાને જઈ કિશોરી સાથે વાતચીત કરી મિત્રતા કેળવી હતી. ગત ઓગસ્ટ ૨૦૨૫માં નરાધમ અર્પિતે કિશોરીને લગ્નની લાલચ આપી રાત્રિના સમયે પાલનપુર કેનાલ રોડ પર બોલાવી હતી. ત્યાં તેને કેફી પીણું (કોલ્ડ્રિંક્સ) પીવડાવી તેની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. આટલેથી ન અટકતા આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર કિશોરીનું શારીરિક શોષણ કર્યું હતું. જેને પરિણામે કિશોરી ગર્ભવતી બની હતી અને તેણે બાળકને જન્મ આપ્યો હતો. કિશોરી માતા બનતા જ પાપી અર્પિત તેને તરછોડીને પલાયન થઈ ગયો હતો.

ભોગ બનનાર કિશોરીએ હિંમત ભેગી કરી સમગ્ર હકીકત પોતાની માતાને જણાવતા ગતરોજ અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. બળાત્કાર અને પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગંભીર ગુનો નોંધાતા જ અડાજણ પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે ફરાર આરોપી અર્પિત ગુપ્તાને શોધી કાઢ્યો હતો અને તેની ધરપકડ કરી લીધી છે. હાલ પોલીસ આરોપીનું મેડિકલ પરીક્ષણ કરાવી વધુ પૂછપરછ હાથ ધરી રહી છે. નરાધમની ધરપકડ થતા પરિવાર અને સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે.

### સોલાર માટે બોગસ દસ્તાવેજ કેસમાં આરોપીની આગોતરા નામંજૂર

સુરતઃ પાલનપુર રાજહંસ એપલ સોસાયટીમાં સોલાર પેનલ લગાવવા માટે ફરિયાદી ફરિયાદી ચિરાગ ઠક્કરની સહી બનાવટી કરી, ખોટા દસ્તાવેજો બનાવી અને ખોટી રજૂઆત દ્વારા છેતરપિંડી કરવામાં આવી હતી. તેમજ ફરિયાદી અને અન્ય સાક્ષીઓની સહીનો દુરુપયોગ કરી DGVCL કચેરીમાં બનાવટી દસ્તાવેજો સાચા તરીકે રજૂ કરવામાં આવ્યા હતા.

આ કેસમાં ધરપકડથી બચવા આરોપી સતીશે કોર્ટમાં આગોતરા જામીન અરજી રજૂ કરી હતી. મૂળ ફરિયાદ પક્ષે વકીલ પ્રિતીબેન જોષીએ ફરિયાદ પક્ષે એફિડેવિટ રજૂ કરી હતી. તેમજ અરજીનો વિરોધ કરી રજૂઆત કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરી હતી.

# યુનિવર્સિટીઓમાં હવે 'ડેમોક્રસી લેબ', વિદ્યાર્થીઓ બનશે ઈલેક્શન સ્ટ્રેટેજિસ્ટ

**યુજીસી** અને ચૂંટણી પંચની પહેલથી કેમ્પસમાં ઊભરશે નવું કરિયર ક્ષેત્ર, ટેક્નોલોજી આધારિત ચૂંટણી સંશોધન પર ભાર

સુરતઃ દેશની લોકશાહી પ્રક્રિયાને વધુ આધુનિક અને અસરકારક બનાવવા માટે હવે યુનિવર્સિટી કેમ્પસને જ 'ડેમોક્રસી લેબ' તરીકે વિકસાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ થઈ રહી છે. ભારતના ચૂંટણી પંચ અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા દેશભરની યુનિવર્સિટીઓને 'ઈલેક્શન મેનેજમેન્ટ' ક્ષેત્રે સંશોધન માટે આમંત્રણ આપવામાં આવ્યું છે, જેમાં સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સહિત રાજ્યની અનેક સંસ્થાઓ સામેલ થઈ છે.

આ પહેલ માત્ર શૈક્ષણિક અભ્યાસ પૂરતી મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીઓને સીધા જ દેશની લોકશાહી વ્યવસ્થામાં યોગદાન આપવાની તક આપશે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ખાસ 'રિસર્ચ ચેલેન્જ' જાહેર કરવામાં આવી છે, જેમાં નવા અને પ્રયોગાત્મક વિચારો રજૂ કરનાર વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે માન્યતા સાથે દિલ્હીના આંતરરાષ્ટ્રીય કેમ્પસની મુલાકાતનો મોકો મળશે. ભારત આવનારા સમયમાં આંતરરાષ્ટ્રીય લોકશાહી સંસ્થા 'ઈન્ટરનેશનલ આઈડીઈએ'ના સભ્ય દેશોની કાઉન્સિલનું અધ્યક્ષપદ સંભાળવાનું હોવાથી વૈશ્વિક સ્તરે લોકશાહી મજબૂત બનાવવા માટે દેશની તૈયારીઓ પણ તેજ કરવામાં આવી છે. આ સંદર્ભમાં 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ (IIIDEM)' યુનિવર્સિટીઓ સાથે જોડાઈને નવી પેઢીને ચૂંટણી વ્યવસ્થાપનના પ્રેક્ટિકલ પાસાઓ સાથે પરિચિત કરાવી રહ્યું છે.

### ટેક્નોલોજીથી પારદર્શિતાની દિશામાં અભ્યાસ

આ પ્રોજેક્ટ હેઠળ પ્રાધ્યાપકો, રિસર્ચ સ્કોલર્સ અને વિદ્યાર્થીઓને આધુનિક વિષયો પર કામ કરવાની તક મળશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને બ્લોકચેન જેવી ટેક્નોલોજી દ્વારા ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક અને સુરક્ષિત કેવી રીતે બને તેની શોધખોળ થશે. બદલાતા સમયમાં ચૂંટણી સંબંધિત કાયદા અને સંસ્થાઓમાં જરૂરી ફેરફારો અંગે અભ્યાસ થશે.